મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૯૬ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરના નાના વ્યવસાયિકોની હાલત હજુ કફોડી

## કોરોના મહામારીના પગલે શહેરના વ્યવસાયકારીઓની હાલત હજુ પણ કફોડી છે

ગાંધીનગર, તા.૩

કોરોનાને પગલે નાનાથી લઈ મોટા તમામ ધંધાદારીઓને નુકશાન ભોગવવું પડી રહ્યું છે. નગરજનો હવે પહેલાની જેમ બહાર કામ વગર નીકળતા નથી તથા એકબીજાના ઘરની મુલાકાત કરવાનું પણ ટાળી રહ્યા છે. ઉપરાંત શાકભાજી કે ફળફળાદિનું વેચાણ પણ પહેલા કરતા ઘટ્યું છે. એક વેપારી જે દિવસની ૭૫ થી ૮૦ ટકા કમાણી કરતો હતો તે માત્ર પચ્ચીસેક ટકા જેટલી કમાણી કરી ઘરે જાય છે અને અમુકને તો આટલી ઘરાકી પણ નશીબમાં નથી. નગરના લોડીંગ રીક્ષા કે છકડો ચલાવનાર હાલ એમતેમ બેઠા છે. શાકભાજી કે ફળોની લારી પર માંડ પચ્ચીસેક ટકા જેટલો ધંધો છે અને નગરની સોસાયટીના આસપાસ ફરતા ફેરીયાઓ પણ માંડ દિવસના સો-બસો રૂપિયાની ખરીદી કરીને જાય છે તેવું તેમનું કહેવું છે. રીક્ષા ચલાવનારની દશા તો ઓર બુરી છે કોઈ પણ રીક્ષામાં જલ્દીથી બેસવા તૈયાર થતું નથી ત્યારે રીક્ષાવાળાને ઘરે કમાણી કર્યા વગર પાછું ફરવું પડે છે. આમ અનલોક-૨ની શરૂઆત થઈને ૩ દિવસ થયા છે પણ નાના ધંધાવાળાઓને માંડ ૨૦ ટકાની આસપાસ ધંધો થાય છે.

**નગરના નાના પાયાના વેપાર ધંધા સાથે જોડાયેલ વ્યવસાયકારોના અનુભવ જાણીએ**

●●●



લોકડાઉન પહેલા દરરોજની રનીંગ ઘરાકી હતી. હાલ ૭૫ ટકા જેટલો ધંધો નથી.
**- રફીકભાઈ શાકવાળા**

●●●



પહેલા દરરોજની ઘરાકી ૧૦૦ ટકા હતી. હાલ માંડ ચાલીસેક ટકા છે.
**- ચંદુભાઈ પટની ફ્રુટવાળા**

●●●



પહેલા રોજની ૨૦૦ થી ૩૦૦ રૂપિયાની કમાણી હતી હાલ ધંધો જ નથી.
**- ગોવિંદભાઈ લોડીંગ રીક્ષાવાળા**

●●●



પહેલા દરરોજના એક હજાર રૂપિયા જેટલો વકરો થતો, હાલ ૧૦૦ થી ૨૦૦ રૂપિયા માંડ કમાણી થાય છે.
**- ભોજરાજ કટલરી-ફરતી લારી**

●●●



પહેલા રોજના બે ફેરા કરતા અને અત્યારે બે ત્રણ દિવસે માંડ એક ફેરો મળે છે.
**- રઘુભાઈ છકડા ચાલક**

●●●



પહેલા રોજ પ્રમાણે ૭૦૦ રૂપિયા મળતા હવે કામ જ નથી.
**- અરવિંદસિંહ ચૌહાણ, જેસીબી ચાલક**

●●●



પહેલાના દિવસોમાં ફુલ ઘરાકી રહેતી હાલ કોઈ રીક્ષામાં બેસવા જ તૈયાર નથી. દરરોજના અમારા ગેસના પૈસા પણ નથી નીકળતા.
**- હસમુખભાઈ મકવાણા, જીતેન્દ્રભાઈ નિનામ, રીક્ષાચાલક**

# લકઝરી બસના મુસાફરના સામાનમાંથી દારૂની ૧૭ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૩

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે લકઝરી બસને ઉભી રખાવી હતી. પોલીસ દ્વારા બસની પાછળની ડેકી ચેક કરવામાં આવી હતી. જેમાં મુસાફરનું ખાખી કલરના પુઠાનું પાર્સલ મળી આવ્યું હતું. આ પાર્સલમાંથી પોલીસને ૧૭ બોટલ દારૂની મળી આવી હતી. પોલીસે દારૂ, મોબાઈલ મળી કુલ રૂ.૨૯,૩૮૪ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો રાત્રીના રાઉન્ડમાં હતા તે સમયે રાજસ્થાન પાર્સિંગની બસમાં ચેકીંગ કર્યું હતું. જેમાં બસની સાઈડની ડેકીમાંથી એક ખાખી પુઠાનું પાર્સલ મળ્યું હતું. જેથી પોલીસે કંડકટરને પુછતા ઉદેપુરથી બેઠેલા એક મુસાફરનું પાર્સલ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે મુસાફરની પુછતાછ કરતા તે રાજકોટના ભકિતનગરનો રહેવાસી સાગર પ્રવિણભાઈ અકબરી (અમરનાથ પાર્ક શેરી નં-૧) હોવાનું જાણવા હતું. પોલીસે પાર્સલ ખોલતા અંદરથી વિદેશી દારૂની ૧૭ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ.૨૬,૩૮૪ કિંમતનો દારૂ, એક મોબાઈલ ફોન મળી રૂ.૨૯,૩૮૪ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જયારે બીજા બનાવમાં ચિલોડા પોલીસે હિંમતનગર તરફથી આવી રહેલી ઈકો કાર નં. જી.જે.૦૧.કે.વી.-૦૪૬૨ ચેક કરી હતી. જેમાંથી પોલીસને બે બિયરના ટીન મળી આવ્યા હતા. જેને પગલે પોલીસે અમદાવાદના નિલેશ રમેશભાઈ ઠાકોર (ઉં.૩૯ ઘાટલોડીયા ગામ) અને રવિન્દ્ર કીકારામ વૈષ્ણવ (ઉં.૨૯ મેમનગર)ની ધરપકડ કરી તેમના સામે પ્રોહિ એકટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## વાવોલનું મિની ડમ્પીંગ યાર્ડ બનેલ 'ગંદકીનું ઘર' કયારે દૂર થશે?







ગાંધીનગરમાં સમાવિષ્ટ થયેલા વાવોલ ખાતે જુના પશુદવાખાના વિસ્તારમાં ફેલાયેલી ગંદકીના ઢગની સમસ્યા લાંબા સમયથી તે વિસ્તારના રહીશો માટે માથાનો દુ:ખાવો બની છે. તાજેતરમાં વાવોલમાં યોજાયેલા એક વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મેયરે પણ સમસ્યાની નોંધ લઈને તેને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવાની ખાત્રી ઉચ્ચારી હતી. જો કે શહેરમાં શરૂ થઈ ગયેલ વરસાદી સીઝનના પગલે જો આ 'મિની ડમ્પીંગ યાર્ડ' બની ગયેલા સ્થળને સત્વરે સાફ કરવામાં નહીં આવે તો રોજગન્ય જીવાણુઓના ઉપદ્રવનું કેન્દ્રસ્થાન બનવા સાથે આ વિસ્તારના રહીશોના માથે રોગચાળો ફેલાવાની દહેશત તોળાઈ રહી છે. આ ગંદકી અહીં ચરતી ગાયો સહિતના પ્રાણીઓ માટે પણ જોખમકારક જણાઈ રહી છે.

# વરસાદી રમઝટ અટકતાં જ સચિવાલય ખાલી થઈ ગયું...!!

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં સમી સાંજે પાંચ વાગ્યાના સુમારે ગાજવીજ સાથે મેઘરાજાની સવારી આવી પહોંચી હતી અને આકાશમાં વિજળીના ચમકારા અને ગગન ભેદીનાદ સાથે વરસેલા જોરદાર વરસાદી ઝાપટાંએ થોડીક જ મિનિટોમાં સમગ્ર વાતાવરણ જળતરબોળ કરી મુકયું હતું. લગભગ ૨૦ થી ૨૫ મીનિટ સુધી વરસેલા વરસાદને કારણે પાટનગરના નવા સચિવાલયમાં કર્મચારીઓ ખાસ કરીને અપડાઉન કરતા કર્મયોગીઓ ચિંતાતુર બન્યા હતા અને જેવો વરસાદ અટકયો કે તુરંત જ સચિવાલય સંકુલમાંથી મોટાભાગના કર્મચારીઓ ઘરે જવા નીકળી ગયા હતા.

એક તરફ કોરોના મહામારીના પગલે હજુ પણ નવા સચિવાલયની કચેરીમાં કર્મયોગીની સો ટકા હાજરી નથી હોતી તેમજ અમદવાદ તથા અન્ય સ્થળેથી અપડાઉન કરતા કર્મચારીઓ બસ સુવિધા મર્યાદિત સંખ્યામાં ચાલુ હોવાથી સાંજના સમયે મોડા સુધી ઓફિસમાં રોકાઈ શકતા નથી. આ સ્થિતિમાં બરાબર ઓફિસો છુટવાના કલાક પહેલા જ વાતાવરણ વાદળછાયું બની જતા જ કર્મચારીઓમાં ચિંતા છવાઈ હતી. જો કે વરસાદી રમઝટ પાંચેક વાગે શરૂ થઈને સાંજના પાંચ સુધીમાં પુરી થઈ ગઈ હતી પરંતુ જે રીતે ગાજવીજ અને કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો હતો તે જોતા જલ્દી બંધ નહી થાય તેવું કર્મચારીઓએ અનુમાન બાંધ્યું હતું. તેથી પોતાના સિનિયર અધિકારીઓ પાસેથી બસ પકડવાથી લઈને પોતાનું વાહન લઈને આવતા કર્મચારીઓએ અન્ય કારણો દર્શાવીને વહેલા ઘરે જવા નીકળી જવાની તૈયારી કરી લીધી હતી. જેવો વરસાદ અટકયો કે તુરંત જ જાણે ઓફિસો છુટી ગઈ હોય તેમ સચિવાલય અડધાથી ઉપર ખાલી થઈ જવા પામ્યું હતું.

# ગૌરીવ્રત નિમિત્તે લાયોનેસ કલબ દ્વારા બાળાઓને દાન કરાયું



ગાંધીનગર, તા.૩

હાલ ગૌરીવ્રત ચાલી રહ્યું છે ત્યારે લાયોનેસ કલબ દ્વારા કલબના પરમેનન્ટ પ્રોજેકટ અંતર્ગત ભૂતપૂર્વ પ્રમુખ ભાવનાબેન પટેલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શાંતાબેન ભલાભાઈ શિશુવિહાર ગામ કુહાની ૨૫૦ જેટલી બાળાને સૂકા મેવાનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત બોરીજ ગામના શ્રમજીવી પરિવારની દીકરીઓને પણ ગૌરી વ્રત નિમિત્તે સૂકા મેવા, માસ્ક, નેઈલ પોલીશ તથા મહેંદીના કોનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં સંસ્થાના પ્રમુખ મિત્તલબેન રાણા, સેક્રેટરી સ્વાતિ ગોર તથા ભૂતપૂર્વ પ્રમુખ વૈશાલી જોશી, ડીમ્પલબેન દેસાઈ તથા લાયોનેસ બહેનો ગીતાબેન પટેલ તથા જાગૃતિબેન વ્યાસ સહકારપૂર્વક જોડાયા હતા.

# મુકિતધામના ભઠ્ઠી ઓપરેટરને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૩

કોરોનાની મહામારીમાં કોરોનાના દર્દીને સારવાર આપતા ડોકટર અને નર્સીંગ સ્ટાફ તો સરાહનીય છે જ પરંતુ આ રોગથી પીડાતા દર્દીનું મૃત્યુ થાય ત્યારબાદ તેમના મૃતદેહના અગ્નિ સંસ્કાર માટે મુકિતધામ ખાતે ભઠ્ઠી ઓપરેટર તરીકે કામ કરનારની કામગીરી પણ સરાહનીય છે ત્યારે આ ઓપરેટર્સનું સન્માન વોર્ડ નં. ૧ના મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાધલ અને મુક સેવક જીલુભા ધાધલ દ્વારા કરવામાં આવ્યું હતું.



નગર સ્થિત મુકિતધામ ખાતે સીએનજી ભઠ્ઠીના ઓપરેટર તરીકે ફરજ બજાવતા પ્રકાશ વાળોદરા અને તેમના સહાયક પત્નિ ચંદ્રિકાબેનને વોર્ડ નં.૧ના મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાધલ અને મુકસેવક જીલુભા ધાધલ દ્વારા ફ્રીઝ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

નગરના અંતિમધામ એવા મુકિતધામના સંચાલનમાં સમય આપતા જીલુભા ધાધલ જણાવે છે કે કોરોના કાળના છેલ્લા ૩ મહિના દરમિયાન મુકિતધામમાં ૫૬ મૃતદેહના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા તેમાં પાટનગર ઉપરાંત દહેગામ, કલોલ, માણસા સહિત જિલ્લા અમદાવાદ તથા મહેસાણાના હતભાગીઓનો સમાવેશ થાય છે. તેમના અગ્નિ સંસ્કાર સીએનજી ભઠ્ઠીમાં પુરા સન્માન સાથે કરવા ઉપરાંત ભઠ્ઠીની સાફ સફાઈ અને વિધિ બાદ ભઠ્ઠી સહિત જરૂરી વિસ્તારને સેનીટાઈઝર દ્વારા જંતુમુકત કરવાની કામગીરી આ દંપતીએ નીડર કોરોના વોરિયર તરીકે કરી છે. તેમનું સન્માન કરવાની વાતને તમામ સ્ટાફે વધાવી લઈને સહયોગ પણ કર્યો અને સહિયારા પ્રયાસથી ૧૮૧ લીટર ક્ષમતાનું ૧૩ હજારની કિંમતનું ફ્રીઝ ખરીદીને તેમને અર્પણ કરી પ્રોત્સાહક ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું છે.

# શહેરમાં કિન્નર સાથે રહેતા ચેલાને પરિવારજનો જબરજસ્તી ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં કિન્નર સાથે રહેતા શિષ્યને પરિવારજનો જબરજસ્તી કરી ઉઠાવી ગયા હોવાની ફરીયાદ સાથે સેકટર-૭ પોલીસ મથકે અરજી કરાઈ છે. મળતી વિગત મુજબ કિન્નર જયશીદ ઘેકને કરેલી અરજી મુજબ તેઓ સેકટર-૨ ખાતે વસવાટ કરે છે. પાંચ કિન્નર અન્ય પણ તેમની સાથે રહે છે. જેઓ અરજીકર્તાને ગુરુ માને છે. પખવાડીયા પહેલા તેઓ શહેર નજીક આવેલા તારાપુર ગામે ગયા હતા ત્યારે તેઓને મહેસાણા જિલ્લાના એક ગામનો ૨૪ વર્ષીય યુવક મળ્યો હતો. અરજીકર્તાના દાવા પ્રમાણે યુવકે પોતાની સંમતિથી માતાજી બનવા આજીજી કરતા તેઓ યુવકને ચેલા તરીકે લઈ આવ્યા હતા. ચાર દિવસ પહેલા જ યુવકના પિતા તેમજ સગા-સંબંધીઓ ગાડી ભરીને સેકટર-૨ ખાતે આવી પહોચ્યા હતા. તેઓએ શિષ્ય બનેલા યુવકને મરજી વિરુધ્ધ જબરજસ્તી ઉઠાવી ગયા હતા. અરજીકર્તાએ પોતાના ચેલાને સોનાની બુટ્ટી, ગળાની ચેઈન તેમજ પગના છડા, નાકની ચુની પહેરવા માટે આપી હતી. જે તેના પરિવારજનો સાથે લઈ ગયા હતા. જેથી જયશીદ ઘેકને આ અંગે પોલીસ અરજીમાં તેમણે શિષ્ય બનેલા યુવકને હાજર કરવા અને ગાડીઓ લઈને આવેલા નાગરીકો પાસેથી પોતાના દાગીના પરત લેવા માટે અરજી કરી છે.

## ચિરવિદાય

- સ્વ. વનલીલાબેન નરેન્દ્રકુમાર ભચેચ, ઉ.વ. ૮૭, સેકટર-૭
- સ્વ. લક્ષ્મીબેન જસવંતસિંહ ડાભી, ઉ.વ. ૫૨, મુ. બોરીજ
- સ્વ. રમેશભાઈ કનૈયાલાલ પટેલ, ઉ.વ. ૫૩, મુ. ઝુંડાલ
- સ્વ. લીલાબેવ રવજીભાઈ વાઘરી, ઉ.વ. ૬૫, ફતેપુરા, વડોદરા
- સ્વ. શાહ ધીમંતભાઈ કાન્તીલાલ, ઉ.વ. ૬૧, પાલડી, અમદાવાદ